For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

●પોલિટેકનિક ખાતે મતગણતરીની તૈયારીઓ પૂર્ણ, કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે થશે મતોની ગણતરી●

વડોદરાનું નેતૃત્વ કોણ કરશે તેનો ભેદ આજે ખુલશે

●મતગણતરી કેન્દ્રમાં પ્રવેશ મેળવવા માટે તંત્ર દ્વારા કડક સૂચનાઓ અપાઈ

●'મોબાઈલ વોલેટ કાઉન્ટર' પર પોતાના મોબાઈલ જમા કરાવવાના ફરજિયાત

●તમામ ઉમેદવારો અને પક્ષના કાર્યકરોને તંત્રને સહકાર આપવા અપીલ કરવામાં આવી

●અધિકારીઓ અને સ્ટાફે પણ બેગ, પર્સ કે નાસ્તાના ડબ્બા સાથે લાવવા નહીં

(પ્રતિનિધિ) વડોદરા. તા.27

વડોદરા મહાનગર પાલિકાની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-2026ના પરિણામનો દિવસ આવી પહોંચ્યો છે. ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટેની તમામ તૈયારીઓ વહીવટી તંત્ર દ્વારા પૂર્ણ કરી લેવામાં આવી છે. મતગણતરી માટે શહેરના શાસ્ત્રી બ્રીજ પાસે આવેલ પોલિટેકનિક કોલેજ ખાતે અત્યંત કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર દ્વારા તમામ પક્ષો, ઉમેદવારો અને ફરજ પરના કર્મચારીઓ માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. મતગણતરી કેન્દ્રમાં પ્રવેશ મેળવવા માટે તંત્ર દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી છે. મતગણતરીના દિવસે કોઈ પણ પ્રકારની અરાજકતા ન સર્જાય અને શાંતિપૂર્ણ રીતે પરિણામ જાહેર થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા તમામ વ્યવસ્થાઓ સજ્જ કરી દેવામાં આવી છે. તમામ ઉમેદવારો અને પક્ષના કાર્યકરોને શાંતિ જાળવી તંત્રને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

સુરક્ષા હેતુસર ઓળખપત્ર સાથે રાખવુ અને ઈલેક્ટ્રિક ગેઝેટ પર પ્રતિબંધ

- મતગણતરી કેન્દ્રમાં મોબાઈલ, લેપટોપ કે સ્માર્ટ વોચ જેવા કોઈ પણ ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ લઈ જવા પર પ્રતિબંધ છે. જો કોઈ વ્યક્તિ આ વસ્તુઓ સાથે આવશે તો તેમને પ્રવેશ આપવામાં આવશે નહીં. જો ગેજેટ્સ લાવવા અનિવાર્ય હોય, તો તે માટે બનાવવામાં આવેલા 'મોબાઈલ વોલેટ કાઉન્ટર' પર તેને જમા કરાવવાના રહેશે.
- દરેક વ્યક્તિએ પોતાના નિર્ધારિત કલર કોડવાળા અધિકૃત આઈ-કાર્ડ સાથે પોતાની સંસ્થાનું આઈ-કાર્ડ અને સોંપાયેલી ફરજનો ઓર્ડર ફરજિયાત રાખવો પડશે.
- ખાસ કરીને મહિલા અધિકારીઓ અને સ્ટાફે પણ બેગ, પર્સ કે નાસ્તાના ડબ્બા સાથે લાવવા નહીં, અન્યથા પ્રવેશ મળશે નહીં.
- જે તે વોર્ડની મતગણતરી ચાલતી હશે, તે વોર્ડના ઉમેદવાર કે એજન્ટને જ મતગણતરી રૂમમાં પ્રવેશ મળશે. પોલીસ સાથે કોઈપણ પ્રકારનું ઘર્ષણ ટાળવા અને નિયમોનું પાલન કરવા તાકીદ કરવામાં આવી છે, અન્યથા તેને ફરજમાં નિષ્કાળજી ગણવામાં આવશે.

અધિકારીઓ તેમજ અન્ય કર્મચારીઓની અલગ પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી

ચૂંટણી કામગીરી દરમિયાન ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે વિવિધ કેટેગરી મુજબ અલગ-અલગ પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં અધિકારીઓ અને અન્ય કર્મચારીઓની વ્યવસ્થા જુદી જુદી છે.

અધિકારીઓ :- કલેકટર, આર.ઓ., એ.આર.ઓ., ક્લાસ-વન અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ માટે પોલિટેકનિક બિલ્ડીંગની બાજુમાં નવી બિલ્ડીંગનું કેમ્પસ.

ઉમેદવારો :- ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરીના જુના ગેટ નંબર-1 અને 2.

ચૂંટણી સ્ટાફ :- ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરીની પાછળ, ખેતી નિયામક ક્ચેરી પાસેનું ગ્રાઉન્ડ.

મીડિયા :- ગેટ નં. 1 અને 2 પાસેની નિર્ધારિત જગ્યા.

ચૂંટણી/મતગણતરી એજન્ટ :- બી.બી.એ. કોલેજ કેમ્પસ, દીપ ઓડીટોરીયમ સામેનું ગ્રાઉન્ડ.

પોલીસ સ્ટાફ :- એમ.એસ.યુનિવર્સિટી મેઈન ઓફિસ.

જિલ્લામાં કુલ નોંધાયેલ મતદાન 64.67%

પુરુષ	સ્ત્રી	અન્ય	કુલ મતદાર
67.39%	61.86%	10.81%	28,79,773
			મતદાન કરનાર 18,62,329

	વડોદરા મહાનગરપાલિકા	જિલ્લા પંચાયત	તાલુકા પંચાયત
મતદાન ટકાવારી	53.34%	72.30%	73.05%
કુલ મતદારો	12,08,149	7,93,972	7,94,329
મતદાન કરનાર	6,44,458	5,74,014	5,80,252
વિગતવાર મતદાન: પુરુષ	56.39%	74.75%	75.46%
સ્ત્રી	50.21%	69.75%	70.54%
અન્ય	10.42%	16.67%	16.67%
કુલ	53.34%	72.30%	73.05%

જિલ્લાની ચારેય નગરપાલિકાઓ — કુલ મતદાન ટકાવારી 76.34%

નગરપાલિકા	મતદાન ટકાવારી
ડભોઇ નગરપાલિકા	75.45%
પાદરા નગર પાલિકા	73.01%
કરજણ નગર પાલિકા	79.54%
સાવલી નગરપાલિકા	81.64%
કુલ મળીને	76.34%





વડોદરામાં કોનો વાગશે ડંકો? ભાજપ, કોંગ્રેસ અને 'આપ'ના પ્રમુખોએ જીતના આંકડા સાથે બાંયો ચઢાવી

ભાજપ 65+, કોંગ્રેસ 30+ અને આપ 15+ બેઠકોના દાવા સાથે મેદાનમાં : મતગણતરી પહેલા રાજકીય ગરમાવો ચરમસીમાએ

વડોદરાઃ સંસ્કારી નગરી વડોદરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના રસાકસીભર્યા જંગ બાદ આજે જ્યારે મતના પરિણામો જાહેર થવાના છે, ત્યારે શહેરના રાજકીય માહોલમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ત્રણેયના શહેર પ્રમુખોએ પોતપોતાની જીતના મોટા દાવાઓ કર્યા છે. ભાજપ જ્યાં ફરી એકવાર ભવ્ય વિજય સાથે કેસરીયો લહેરાવવાની આશા રાખી રહ્યું છે, ત્યાં કોંગ્રેસ પરિવર્તનના મૂડમાં બેઠેલી જનતાના ભરોસે સત્તા વાપસીના સપના જોઈ રહી છે. તો બીજી તરફ, આમ આદમી પાર્ટીએ પણ મજબૂત એન્ટ્રી સાથે કોંગ્રેસને પાછળ ધકેલી મુખ્ય વિપક્ષ બનવાની તૈયારી બતાવી છે. આ ચૂંટણીના પરિણામો હવે જિલ્લાના રાજકીય ભવિષ્યનું ચિત્ર સ્પષ્ટ કરશે, પરંતુ મતદાનની ટકાવારીએ એ સાબિત કરી દીધું છે કે વડોદરાના મતદારો સ્થાનિક વિકાસના મુદ્દે અત્યંત ગંભીર છે. હવે સૌની નજર મતપેટીઓમાં બંધ થયેલા ઉમેદવારોના ભાવિ અને આગામી મતગણતરી પર મંડાયેલી છે. આ ઘટનાને પગલે સમગ્ર શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે કે, હાઈટેક ચૂંટણી પ્રક્રિયા અને ચુસ્ત બંદોબસ્તના દાવાઓ વચ્ચે આટલી મોટી ચૂક કેવી રીતે થઈ? હવે જોવાનું એ રહેશે કે ચૂંટણી તંત્ર આ મામલે કયા પ્રકારના પગલાં ભરે છે.

ડૉ. જયપ્રકાશ સોની, (ભાજપ શહેર પ્રમુખ)
"કોંગ્રેસ માત્ર ત્રણ વોર્ડમાં સીમિત છે, બાકી આખા વડોદરામાં ક્યાંય તેમનું અસ્તિત્વ નથી. જુઠ્ઠું બોલવું અને 'ખયાલી પુલાવ' પકવવા એ કોંગ્રેસની જૂની આદત છે. ભાજપ 65 થી 72 બેઠકો સાથે ભવ્ય વિજય મેળવી વડોદરામાં ફરી કેસરીયો લહેરાવશે. કોંગ્રેસ હાર પચાવી શકતી નથી, એટલે જ ભાજપનું બોર્ડ બનશે ત્યારે તેઓ ફરી EVM અને બોગસ વોટિંગના પ્રશ્નો ઉભા કરશે."

ઋત્વિક જોશી, (કોંગ્રેસ શહેર પ્રમુખ)
"જનતા હવે ભાજપની છેતરામણી વાતોમાં આવે તેમ નથી. વધેલા મતદાનના આંકડા સ્પષ્ટ કરે છે કે જનતાનો મૂડ પરિવર્તન તરફ છે. અમને વિશ્વાસ છે કે કોંગ્રેસ 30 થી 35 બેઠકો જીતશે અને જનતાના આશીર્વાદથી કોંગ્રેસનું બોર્ડ બનશે. ભાજપે ખોટા વોટિંગ કરાવ્યાની ફરિયાદો અમે કલેક્ટરને કરી છે, જેમાં એક જ વ્યક્તિના બે જગ્યાએ નામ હોવાના પુરાવા પણ આપ્યા છે."

અશોક ઓઝા, (આમ આદમી પાર્ટી શહેર પ્રમુખ)
"વડોદરામાં હવે માત્ર ભાજપ અને આપ વચ્ચે જ સીધી ટક્કર છે, કોંગ્રેસ ક્યાંય રેસમાં નથી. સયાજીપુરા જેવી બેઠકો પર અમારી જીત નિશ્ચિત છે. અમે 15 થી વધુ બેઠકો જીતીને વડોદરાના રાજકારણમાં નવો ઇતિહાસ રચીશું. કોંગ્રેસને ત્રીજા નંબર પર ધકેલાઇ જશે. આ તો માત્ર શરૂઆત છે, આગામી સમયમાં આપ પોતાનું બોર્ડ બનાવશે."

ચૂંટણી પતી અને વચનો વિસરાયા

વોર્ડ-10માં નોટિસ વગર જ ધાર્મિક સ્થાનકો તોડાયા

રવિવારે હાથ જોડ્યા, સોમવારે હથોડા ઝીંક્યા: મતદાનના ગણતરીના કલાકોમાં જ તંત્ર એક્શનમાં આવતા લોકોમાં અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતાં

સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું મતદાન સંપન્ન થયાના ગણતરીના કલાકોમાં જ વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખા એક્શન મોડમાં આવી ગઈ છે. શહેરના વોર્ડ નંબર 10 માં આવતા પશ્ચિમ વિસ્તારના પ્રિયા સિનેમા સામે સ્થિત એક વર્ષો જૂની ડેરી અને ધાર્મિક આસ્થાના સ્થાનકને પાલિકાની ટીમ દ્વારા તોડી પાડવામાં આવતા સ્થાનિક રહીશોમાં તીવ્ર રોષ ફાટી નીકળ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, ગઈકાલ સુધી મતો માટે જનતા સામે હાથ જોડતા નેતાઓ અને તંત્રએ મતદાન પૂર્ણ થતાની સાથે જ આ પ્રકારની કડક કાર્યવાહી હાથ ધરી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ ડેરી આશરે 80 થી 90 વર્ષ જૂની હતી અને તેમના ખેતરના સમયથી ત્યાં અસ્તિત્વ ધરાવતી હતી. રહીશોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, પાલિકા દ્વારા આ કાર્યવાહી કરતા પહેલા કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના કે નોટિસ આપવામાં આવી ન હતી. અચાનક જેસીબી મશીનો સાથે પહોંચેલી દબાણ શાખાની ટીમે તોડફોડ શરૂ કરી દીધી હતી. આ દરમિયાન ડેરીમાં બિરાજમાન માતાજીની મૂર્તિ અને ફોટાઓની ગરિમા જળવાઈ ન હોવાના પણ આક્ષેપ થયા છે, જેને લઈને લોકોની ધાર્મિક લાગણી દુભાઈ છે. આ મામલે સ્થાનિક રહીશોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં આ એક 'નવજાતની ચોકડી' તરીકે ઓળખાય છે જ્યાં વારંવાર અકસ્માતો સર્જાય છે, પરંતુ આ માતાજીની ડેરી પ્રત્યેની શ્રદ્ધાને કારણે ક્યારેય કોઈ જાનહાનિ થઈ નથી. લોકોનું કહેવું છે કે ચૂંટણી ટાણે વોટ માંગવા આવતા નેતાઓ હવે ગાયબ છે. આ ઉપરાંત, સ્થાનિકોએ ભેદ ભાવ ભરી નીતિનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે બંસલ મોલ પાસેની સરકારી જગ્યાઓમાં થતા ગેરકાયદેસર કામો સામે તંત્ર આંખ આડા કાન કરે છે, જ્યારે ગરીબ અને સામાન્ય જનતાની શ્રદ્ધાના પ્રતીક સમાન વર્ષો જૂની જગ્યાને તોડી પાડવામાં આવી છે.હાલમાં આ વિસ્તારમાં ભારે તણાવભર્યો માહોલ છે અને લોકોમાં એવી ચર્ચા છે કે બિલ્ડરના કહેવાથી કે અંગત સ્વાર્થ ખાતર કવાયત હાથ ધરાઈ છે.

સીઆઇએસએફ અને એસઆરપીએફની કંપનીઓ પણ તૈનાત

મત ગણતરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે 1000થી વધુ પોલીસ જવાનો ખડે પગે

1 JCP, 1 એડિશનલ CP, 8 DCP, 10 ACP, 28 PI અને 72 PSI સહિતના અધિકારીઓ કર્મચારીઓની બંદોબસ્ત

(પ્રતિનિધિ) વડોદરા. તા.27

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-2026ની મતગણતરીને ધ્યાનમાં રાખીને વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા ચુસ્ત અને વ્યાપક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શહેરના મતગણતરી કેન્દ્રો અને સંવેદનશીલ વિસ્તારોમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને એના માટે અધિકારીઓ અને કર્મચારીઓ મળી 1000 ઉપરાંતના પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. સીઆઇએસએફ અને એસ આર પી એફ ની કંપનીઓ પણ ખડે પગે ફરજ બજાવશે. વડોદરા શહેરમાં આવતીકાલે યોજાનારી મતગણતરીને લઈને પોલીસ તંત્ર સંપૂર્ણ રીતે એલર્ટ મોડ પર છે. મળતી માહિતી મુજબ, મતગણતરી કેન્દ્રો તથા શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ વિશાળ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. આ બંદોબસ્તમાં 1 JCP, 1 એડિશનલ CP, 8 DCP, 10 ACP, 28 PI અને 72 PSI સહિતના અધિકારીઓ જોડાયા છે. ઉપરાંત, 743 ASI, હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કર્મચારીઓ સાથે 63 CISF, 42 SRPF તથા 243 નવા ભરતી થયેલા જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા છે. ટ્રાફિક વ્યવસ્થાને સુચારૂ રાખવા માટે મતગણતરી કેન્દ્રો આસપાસ નો-પાર્કિંગ અને નો-એન્ટ્રી ઝોન જાહેર કરવામાં આવ્યા છે. ટ્રાફિક ડાયવર્ઝન માટે વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે, જેથી સામાન્ય નાગરિકોને ઓછામાં ઓછો તકલીફ પડે. મતગણતરીના દિવસે વહેલી સવારે જ પોલીસ બંદોબસ્ત કાર્યરત થશે અને મોડીરાત સુધી ચાલુ રહેશે. શહેરના તમામ પોલીસ સ્ટેશનોને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. મહિલા સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહિલા પોલીસ ટીમો પણ તૈનાત રહેશે. સોશિયલ મીડિયા પર અફવાઓ ન ફેલાય તે માટે ખાસ ટીમ દ્વારા મોનીટરીંગ કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા નાગરિકોને કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત, મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી ભારે વાહનોના શહેરમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને જરૂરી પાર્કિંગ ઝોન પણ નિર્ધારિત કરવામાં આવ્યા છે. પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે.

મીનાબેન વસાવાએ વોર્ડમાં ફરીથી ચૂંટણી યોજવા લેખિત માંગ કરી

વોર્ડ 11માં ચૂંટણી પ્રક્રિયામાં મોટી ધાંધલી,કોંગ્રેસના મહિલા ઉમેદવારનું જ 'બોગસ વોટિંગ' થઈ ગયું!

(પ્રતિનિધિ) વડોદરા. તા.27

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીમાં લોકશાહીનું ચીરહરણ થયું હોય તેવી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના વોર્ડ નંબર 11માં બોગસ વોટિંગના ગંભીર આક્ષેપો સાથે રાજકીય વાતાવરણ ગરમાયું છે. નવાઈની વાત એ છે કે, કોઈ સામાન્ય નાગરિક નહીં પરંતુ વોર્ડ નંબર 9ના કોંગ્રેસના સત્તાવાર મહિલા ઉમેદવાર મીનાબેન વસાવા પોતે જ આ ગેરરીતિનો ભોગ બન્યા હતા. પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા ગયેલા ઉમેદવારને ખબર પડી કે તેમનો વોટ તો અગાઉથી જ પડી ગયો છે, જેના કારણે ચૂંટણી તંત્રની સજ્જતા અને સુરક્ષા સામે અનેક સવાલો ઉભા થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગદાપુરા વિસ્તારમાં આવેલી ડી.આર. અમીન સ્કૂલ ખાતે મતદાન મથક ઉભું કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના ઉમેદવાર મીનાબેન વસાવા જ્યારે આ મથકે પોતાનો વોટ આપવા પહોંચ્યા ત્યારે ત્યાં તૈનાત ચૂંટણી સ્ટાફે તેમને જણાવ્યું હતું કે તેમના નામનું મતદાન થઈ ચૂક્યું છે. આ સાંભળીને ઉમેદવાર સહિત કોંગ્રેસના કાર્યકરો સ્તબ્ધ રહી ગયા હતા. ઉમેદવાર પોતે મતદાન મથકે પહોંચે તે પહેલા જ કોઈ અન્ય વ્યક્તિ તેમની ઓળખ આપીને વોટ આપી જાય તે ઘટનાએ તંત્રની પોલ ખોલી નાખી છે.

ભારે રકઝક અને વિરોધ પ્રદર્શન બાદ અંતે મીનાબેન વસાવાએ 'ટેન્ડર વોટિંગ' પદ્ધતિથી પોતાનો મત આપવાની ફરજ પડી હતી. આ મામલે વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશીએ તંત્ર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, જો ચૂંટણી લડતા ઉમેદવારનો વોટ પણ સુરક્ષિત ન હોય તો સામાન્ય જનતાના મતોનું શું થતું હશે? આ માત્ર બેદરકારી નથી પણ લોકશાહીની હત્યા સમાન કૃત્ય છે.

કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે અધિકારીઓની મિલીભગત અથવા ઘોર બેદરકારી વિના આ પ્રકારનું બોગસ વોટિંગ શક્ય જ નથી. આ ગંભીર છેતરપિંડીના વિરોધમાં ઉમેદવાર મીનાબેન વસાવાએ આક્રમક વલણ અપનાવ્યું છે. તેમણે ચૂંટણી અધિકારીને એક લેખિત પત્ર પાઠવીને વોર્ડ નંબર 11 માં થયેલ મતદાન રદ કરી ફરીથી ચૂંટણી યોજવાની ઉગ્ર માંગ કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, જ્યાં ઉમેદવાર પોતે જ સુરક્ષિત નથી ત્યાં નિષ્પક્ષ ચૂંટણીની આશા રાખી શકાય નહીં. કોંગ્રેસ આ મામલે હવે રાજ્ય ચૂંટણી પંચ સુધી રજૂઆત કરવાની તૈયારી કરી રહી છે.

મતગણતરીને લઇ ટ્રાફિક પર નિયંત્રણ

શહેરમાં નો-પાર્કિંગ અને ડાયવર્ઝન જાહેર કરાયાં

પંડયા બ્રિજ પાસે આવેલી પોલીટેકનિક કોલેજ ખાતે મહાનગરપાલિકા વોર્ડ નં. 1 થી 19ની મતગણતરી તેમજ દશરથ વિસ્તારમાં આવેલી એમ.પી. પટેલ હાઇસ્કુલ ખાતે જિલ્લા અને તાલુકા પંચાયતની મતગણતરી યોજાશે

વડોદરા : વડોદરા શહેરમાં તા. 28 એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીની મતગણતરી યોજાનાર હોવાથી પોલીસ કમિશ્નર દ્વારા ટ્રાફિક વ્યવસ્થાને લઈ ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. પંડયા બ્રિજ પાસે આવેલી પોલીટેકનિક કોલેજ ખાતે મહાનગરપાલિકા વોર્ડ નં. 1 થી 19ની મતગણતરી તેમજ દશરથ વિસ્તારમાં આવેલી એમ.પી. પટેલ હાઈસ્કુલ ખાતે જિલ્લા અને તાલુકા પંચાયતની મતગણતરી યોજાશે. મતગણતરી દરમિયાન મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાની શક્યતા હોવાને કારણે ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે બંને વિસ્તારોમાં નો-પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યા છે અને અનેક માર્ગો પર વાહન વ્યવહાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પોલીટેકનિક કોલેજ વિસ્તારમાં ફતેગંજ સર્કલથી પંડયા બ્રિજ, નરહરી સર્કલથી સદરબજાર રોડ સહિતના મુખ્ય માર્ગો પર સવારે 5 વાગ્યાથી મતગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાર્કિંગ સંપૂર્ણ પ્રતિબંધિત રહેશે. સાથે જ કેટલાક મુખ્ય રસ્તાઓ પર વાહન પ્રવેશ બંધ રાખવામાં આવ્યો છે અને વાહનચાલકોને વિકલ્પ માર્ગોનો ઉપયોગ કરવાની સૂચના આપવામાં આવી છે. તે જ રીતે દશરથ ખાતે આવેલી એમ.પી. પટેલ હાઈસ્કુલ આસપાસ પણ સવારે 4 વાગ્યાથી નો-પાર્કિંગ ઝોન લાગુ કરવામાં આવ્યો છે. દશરથ બ્રિજથી ફર્ટીલાઈઝર બ્રિજ સુધીના માર્ગો પર વાહન વ્યવહાર મર્યાદિત રહેશે અને સર્વિસ રોડ પર પણ પ્રતિબંધ મુકાયો છે. પોલીસ દ્વારા જાહેર કરાયેલા વિકલ્પ રૂટ મુજબ શહેરના વિવિધ વિસ્તારોમાંથી આવતા વાહનોને અલગ-અલગ માર્ગો તરફ ડાયવર્ટ કરાશે. ખાસ કરીને ભારે વાહનો, લક્ઝરી બસો અને ડમ્પરો માટે શહેરના મુખ્ય બ્રિજ અને સર્કલ પર પ્રતિબંધ રાખવામાં આવ્યો છે. જાહેરનામા મુજબ પોલીસ, મતગણતરીમાં ફરજ પર રહેલા કર્મચારીઓના વાહનો, પાસ ધરાવતા વાહનો તેમજ એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને અન્ય ઇમરજન્સી સેવાઓને આ પ્રતિબંધમાંથી મુક્તિ અપાઇ છે.

વિવિધ વોર્ડ મુજબ મતગણતરી રૂમની ફાળવણી

ગેટ નંબર-01

વોર્ડ 1, 2, 3 (રૂમ નં. 25, પહેલો માળ).
વોર્ડ 7, 8, 9 (રૂમ નં. 85, બીજો માળ).
વોર્ડ 13, 14, 15 (રૂમ નં. 33, પહેલો માળ).
વોર્ડ 4, 5, 6 (રૂમ નં. 84, બીજો માળ).
વોર્ડ 10, 11, 12 (રૂમ નં. 78, બીજો માળ).

ગેટ નંબર-03 :-

વોર્ડ 16, 17, 18, 19 (રૂમ નં. 38, પહેલો માળ).